ખૂબ જ અગત્યનું/તાત્કાલિક

# નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,


સીદ-, બહુમાળી બિલ્ડીંગ,નાનપુરા, સુરત

Email ID:- swo-sur@gujarat.gov.in ફોન નં ૨૪૬૪૪૩૦ – ૦૨૬૧ .


નં.ના.નિ.અજાક/પ્રિ-મેટ્રિક/૨૦૨૪-૨૫/૨૮૦૯ થી ૨૮૧૨ તા:-17/10/2024

પ્રતિ,

આચાર્યશ્રી........

સરકારી, ગ્રાન્ટ ઈન એડ ,ખાનગી શાળા તમામ

પ્રાથમિક અને માધ્યમિક શાળા,

સુરત, જિ.સુરત

વિષય :- વર્ષ ૨૦૨૪-૨૫ની અનુસૂચિત જાતિના ધો-૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની બાકી કામગીરી પૂર્ણ કરવા બાબત.

સંદર્ભ:- માન.અગ્ર સચિવશ્રી,સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,ગાંધીનગર ના અધ્યક્ષસ્થાને તા. ૧૭/૧૦/૨૦૨૪ ના રોજ મળેલ વિડિયો કોન્ફરન્સ

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્ર પરત્વે જણાવવાનું કે, અનુસૂચિત જાતિના ધો-૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનો અમલ ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત ઓનલાઇન કરવામાં આવે છે. જે અંતર્ગત શૈક્ષણિક વર્ષ: ૨૦૨૪-૨૫ માટે તારીખ-૦૧/૦૮/૨૦૨૪ના પત્ર ક્રમાંક નં.ના.નિ/અજાક/૨૦૨૪-૨૫/૨૧૧૦ થી ૨૧૧૪ થી પરીપત્ર કરવામાં આવેલ હતો. જેમાં માસવાર આયોજનમાં જણાવ્યા મુજબ ૩૦/૦૯/૨૦૨૪ સુધીમાં ૧૦૦% પ્રિમેટ્રિક શિષ્યવૃતિ/ગણવેશ સહાયની પ્રપોઝલ બનાવી હાયર ઓથોરીટીને સેન્ડ કરવા જણાવેલ. વર્ષ ૨૦૨૪-૨૫નો પરિપત્ર થયાને ઘણો સમય પસાર થઇ ગયેલ હોવા છતાં, નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરથી મળેલ પત્રક મુજબ અનુસૂચિત જાતિના ધોરણ ૧ થી ૧૦ના હાલસુધીમાં માત્ર ૩૫૮૭ વિધ્યાર્થીનીઓની જ દરખાસ્ત જિલ્લા કક્ષાએ મળેલ છે. એટલે કે માત્ર ૩૫.૫૯ % જ દરખાસ્ત જીલ્લા કક્ષાએ મળેલ છે. જેમાં વર્ષ ૨૦૨૪-૨૫માં શાળા કક્ષાએથી કુલ ૧૦૦૮૦ વિધ્યાર્થીઓની દરખાસ્ત મેળવવાનો ટાર્ગેટ રાજ્ય સરકાર દ્વારા સુરત જિલ્લાને ફાળવેલ હોય.અને સદર બાબતે માન. અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના અધ્યક્ષસ્થાને તા. ૧૭/૧૦/૨૦૨૪ના રોજ મળેલ વિડિયો કોન્ફરન્સમાં અધ્યક્ષશ્રી દ્વારા સુરત જીલ્લાને રોજે-રોજ નો લક્ષ્યાંક ૭૫૫ અનુસૂચિત જાતિના વિધ્યાર્થીની પ્રપોઝલ બનાવી હાયર ઓથોરીટીને મોકલવાનો આપેલ છે. જેની નકલ સામેલ છે. જેથી શાળા કક્ષાએ પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ/સાયકલ સહાય યોજનાની ૬૪૯૩ દરખાસ્તો આચાર્યશ્રીઓએ તાત્કાલિક વિધ્યાર્થીઓની ડેટા એન્ટ્રિ પુર્ણ કરી હાયર ઓથોરીટીને સેન્ડ કરવા જણાવવમાં આવે છે. આ સાથે ૨ એક્ષેલ સીટ છે જેમાં (૧) એક્ષેલ સીટમાં પ્રપોઝલ બનાવેલ છે પરંતુ સેંડ કરેલ નથી તેનુ લીસ્ટ (૨) એક્ષેલ શીટ્માં પ્રપોઝલ બનાવેલ નથી તેનુ લિસ્ટ સામેલ છે. જે ધ્યાને લઇ સદર કામગીરી મે. અધ્યક્ષશ્રીએ જણાવ્યા મુજબ તા-૨૫/૧૦/૨૦૨૪ સુધીમાં ૧૦૦% પુર્ણ કરવા તાકીદ કરવામાં આવે છે.

બિડાણ: ઉપર મુજબની (૨)એક્ષેલ શીટ

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
સુરત

નકલ સવિનય રવાના:

૧. મે. નિયામકશ્રી, અનુ. જાતિ કલ્યાણની કચેરી ગુ.રા.,ગાંધીનગર તરફ જાણ સારૂ...

નકલ રવાના:

૧. જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિ.સુરત. તરફ જાણ તથા આપના તાબા હેઠળની તમામ શાળા/સંસ્થાઓને ઉકત બાબતે તાત્કાલિક કામગીરી કરાવવા તેમજ આપની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ...

૨. શાસનાધિકારીશ્રી,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, જિ.સુરત તરફ જાણ તથા ઉકત બાબતે આપના તાબા હેઠળની તમામ શાળાઓને તાત્કાલિક કામગીરી કરાવવા સારૂ....

૩. જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિ.પં. સુરત તરફ જાણ તથા ઉકત બાબતે આપના તાબા હેઠળની તમામ શાળાઓને તાત્કાલિક કામગીરી કરાવવા સારૂ....